# બનાસ ડેરીના પશુપાલકો બન્યા ડિજિટલ ક્રાંતિના સાક્ષી



પશુપાલકોએ ભરાવેલા દૂધની તમામ માહિતી મેસેજ દ્વારા મોબાઈલ પર મોકલવામાં આવે છે તેમજ પૈસાની ચુકવણી ડાયરેક્ટ તેમના બેંક ખાતામાં કરાય છે.

પ્રકાશન :– ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર – ૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best



બનાસની ધરતીનો
# ધબકાર

અંક:૧ | જાન્યુઆરી-૨૦૨૩ www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia

**બનાસકાંઠાનું ગૌરવ બન્યું ગુજરાત રાજ્યનું ગૌરવ:** ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની થઈ રાજ્યના પવિત્ર પદ પર વરણી

**બનાસ પર વરસ્યા નારીશક્તિના આશીર્વાદ:** મહિલા પશુપાલકો સાથે સીધો સંવાદનો અવસર એટલે દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમ

**બનાસ જળશક્તિ અભિયાન બન્યું સફળ:** ૭૫ તળાવની સામે, ૧૪૦ તળાવનું નિર્માણ



# બનાસકાંઠાનું ગૌરવ બન્યું ગુજરાત રાજ્યનું ગૌરવ

## લાખો પશુપાલકોના આશીર્વાદથી ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની થઇ રાજ્યના પવિત્ર પદ પર વરણી





બનાસકાંઠાના લાખો પશુપાલક અને ખેડૂત પરિવારના આશીર્વાદના લીધે બનાસ ડેરીનું નેતૃત્વ કરતા અને બનાસનું ગૌરવ એવા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં થરાદ બેઠક પરથી ભવ્ય જીત પ્રાપ્ત થયા બાદ સર્વાનુમતે વરણી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષપદે કરવામાં આવી છે, જે લોકશાહીની સેવા કરવાનું કામ છે, સંવિધાનિક સંસ્થાને વધુ મજબૂત કરવાની તક છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ગુજરાતના ઉજ્જ્વળ ભવિષ્ય માટે હકારાત્મક અને સક્રિય યોગદાન આપવાના ઉમદા અભિગમ સાથે વિધાનસભાના અધ્યક્ષ તરીકેના સંવિધાનિક પદની જવાબદારીના નિર્વહનનો પ્રારંભ પરમ આદરણીય મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ તથા ગૃહના સૌ સન્માનીય સદસ્યોની ગરિમાસભર હાજરીમાં કર્યો હતો. લોકશાહીની જાળવણી માટે બનાસ ડેરીના સક્ષમ નેતૃત્વની પસંદગી સર્વાનુમતે થવા પર લાખો પશુપાલકો, ખેડૂતો અને સમગ્ર બનાસકાંઠા જિલ્લો ગૌરવ અનુભવે છે. ટૂંકમાં કહીએ તો બનાસકાંઠાના લાખો પશુપાલકો માટે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરી એટલે સહકાર અને સરકારનો સમન્વય, લોકસેવક અને બનાસકાંઠાનું ગૌરવ છે.

જયારે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની વરણી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષપદે કરવામાં આવી ત્યારે હજારોની સંખ્યામાં બનાસકાંઠા જિલ્લાના પશુપાલકો અને ખેડૂતોએ ગુજરાત વિધાનસભા, ગાંધીનગરની મુલાકાત લઈને આશીર્વાદ વરસાવ્યા હતા અને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે અધ્યક્ષ તરીકે જણાવ્યું હતું કે અધ્યક્ષ બન્યા પછી કેટલાક પ્રોટોકોલ સાથે કામ કરવાનું હોય છે, પરંતુ બનાસકાંઠાના પશુપાલકો અને ખેડૂતોના હિતમાં થતાં કામો સતત ચાલુ રહેશે અને ભવિષ્યમાં પણ અધ્યક્ષ બન્યાનો ફાયદો જિલ્લાને થાય એવો પ્રયાસ કરવામાં આવશે.

બનાસ ડેરીને ઉત્તરોત્તર પ્રગતિના પંથે લઇ જઈને લાખો પશુપાલકો-ખેડૂતોને આત્મનિર્ભર, સમૃદ્ધ અને સક્ષમ બનાવનારા બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી હવે પરમ પૂજ્ય શ્રી મહાત્મા ગાંધીજી, લોખંડી પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલજી અને ગુજરાતના નિર્માણમાં પાયાની ઈંટ મૂકનાર એવા પરમ પૂજ્ય શ્રી રવિશંકરજી મહારાજજીએ જે ઉજ્જ્વળ પરંપરાઓ ગુજરાતને આપી હતી એને જાળવી રાખવાનું અને એમણે ચીંધેલા માર્ગ પર ચાલી ગુજરાતના ભવિષ્યને ઉજ્જ્વળ કરવાનું કામ કરશે તેમજ લોકશાહીના જે અલગ અલગ સ્તંભ છે, એને મજબૂત કરવાનું કામ કરશે, સાથે 'Have And Have Not' વચ્ચેની ખાઈને પૂરી કરી આર્થિક વ્યવસ્થામાં જેમની પાસે ઓછું છે અને જેમની પાસે વિશેષ છે તેનામાં બેલેન્સ જાળવી રાખવાનું કામ કરશે, જેનો અનેરો આનંદ બનાસ ડેરી સાથે જોડાયેલા લાખો પશુપાલકોમાં જોવા મળી રહ્યો છે.



# બનાસ ડેરીનું નેતૃત્વ કરનાર ખેડૂતપુત્ર શ્રી શંકરભાઈ ચૌધરી કરશે ગુજરાત વિધાનસભાનું નેતૃત્વ : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શન હેઠળ બનાસ ડેરીના નામને વિશ્વ ફલક પર રોશન કરનાર બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી જયારે લાખો પશુપાલકો અને ખેડૂતોના આશીર્વાદથી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ બન્યા ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલજીએ સહકારી ક્ષેત્રે શ્રી શંકરભાઈ ચૌધરીએ કરેલી કામગીરીને બિરદાવીને તેઓશ્રીને લોકશાહીના સ્તંભને વધુ મજબૂત કરવા આવકાર્યા હતા.

માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલજીએ ગુજરાત વિધાનસભામાં સૌ ગૃહ સભ્યોની ઉપસ્થિતિમાં જણાવ્યું હતું કે સામાજિક સેવાના ક્ષેત્રે શ્રી શંકરભાઈ ચૌધરીના અમૂલ્ય પ્રદાનથી સમગ્ર ગુજરાતની પ્રજા અવગત છે. તેમણે વડનગરમાં ૧૦ વીઘા જેટલી જમીન એટલે કે વાદી મદારી સમુદાય માટે રહેણાક બનાવવા કરેલું જમીનદાનનું કાર્ય અત્યંત પ્રશંસનીય છે. શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી માત્ર ગુજરાત પૂરતી જ નહીં, પરંતુ દેશનાં અન્ય સાત જેટલાં રાજ્ય જેવા કે રાજસ્થાન ઉત્તરપ્રદેશ ઝારખંડ હરિયાણા આંધ્રપ્રદેશ વગેરેમાં પહોચી છે. તેમણે બનાસ ડેરીનો વ્યાપ વધારવાનું જે કામ કર્યું છે એ વિશ્વના ડેરી ઉદ્યોગ માટે પ્રેરણારૂપ છે. બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોની દૂધની આવક ૨૦૧૪ પહેલાં જે ૨૫૦ કરોડ હતી તે છેલ્લાં સાત વર્ષમાં વધીને ૧૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચાડી છે. દુનિયાના અર્થશાસ્ત્રીઓ માટે પણ આ રસપ્રદ સંશોધનનો વિષય છે. દેશના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ ડેરીના ચેરમેન તરીકેના કાર્યકાળની અંદર દૂધ સાથે મધુ ક્રાંતિ કરી દેશને નવી દિશા આપી છે. વડા પ્રધાન શ્રી મોદી સાહેબનું ગોબરધનનું સ્વપ્ન સાકાર કરવા માટે ગોબરધનમાંથી ગેસ ઉત્પન્ન કરી તેને ઈંધણ તરીકે ઉપયોગમાં લઈ ખેડૂતો માટે આવકનો નવો સ્ત્રોત ઊભો કર્યો. છેક દેશના છેવાડાના માનવીને પણ ઘરઆંગણે તબીબી સેવાઓ પહોંચાડવાના વડા પ્રધાનશ્રીના પ્રયાસોમાં ગુજરાત સરકાર અને સહકારી ક્ષેત્રના સહયોગથી લોકભાગીદારના ધોરણે બનાસ મેડિકલ કોલેજની સ્થાપના કરી સહકારી ક્ષેત્રને એક નવી દિશા આપી. બનાસકાંઠા જિલ્લામાં આવેલી અતિવૃષ્ટિના સમયે પ્રજાને સથવારો આપી ફરીથી પગભેર કરવા ધારાસભ્ય અને મંત્રી તરીકેની શ્રી શંકરભાઈ ચૌધરીની કામગીરી નોંધ લેવા જેવી છે. તેઓ માત્ર સંગઠન જ નહીં, પરંતુ સરકારમાં પણ અનેક મહત્ત્વના મુદ્દા ઉપર રહી હકારાત્મક અભિગમ દાખવી અને સૌના માટે પ્રેરણારૂપ રહ્યા છે.



ગુજરાત વિધાનસભાની ઉજ્જ્વળ પરંપરાઓ સમગ્ર દેશમાં પ્રશંસનીય રહી છે. સંસદીય પ્રણાલિકાઓના સંવર્ધન માટે આવનારાં પાંચ વર્ષ સુવર્ણકાળ સમાન બની રહેશે એવું જણાવી શ્રી શંકરભાઈ ચૌધરીને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ બનવા પર અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.



# લાખો પશુપાલકો વતી બનાસ ડેરીએ યોજ્યો ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીનો સત્કાર સમારોહ

**સૌને સાથે લઈને ચાલવાનો એક વિચાર એટલે બનાસ ડેરીઃ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**

બનાસ ડેરી અને બનાસ મેડિકલ કોલેજ દ્વારા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના સત્કાર સમારોહ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. તાજેતરમાં યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં થરાદ બેઠક પરથી ભવ્ય જીત પ્રાપ્ત કરી સર્વાનુમતે લોકશાહીના મંદિરની ઉજ્જ્વળ પરંપરાઓ જાળવી રાખવા ૧૫મી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે શ્રી શંકરભાઇ ચૌધરીની નિયુક્તિ થવા પર બનાસ ડેરી અને બનાસ મેડિકલ કોલેજ પરિવાર દ્વારા શ્રી શંકરભાઈ ચૌધરીનું સન્માન કરાયું હતું તેમજ બનાસના સહકારી ક્ષેત્રને સક્ષમ નેતૃત્વ આપવા બદલ આભાર માનવામાં આવ્યો હતો. સત્કાર સમારોહ કાર્યક્રમની શરૂઆત સ્વ.શ્રી ગલબા કાકાની પ્રતિમાને પુષ્પાંજલિ કરીને કરવામાં આવી હતી.

બનાસ ડેરી અને બનાસ મેડિકલ કોલેજ દ્વારા સંસ્થાના પટાંગણમાં આયોજિત સત્કાર સમારોહ કાર્યક્રમમાં બનાસ ડેરીના નિયામક મંડળ, કર્મચારીઓ તેમજ પશુપાલકોએ શ્રી શંકરભાઇ ચૌધરીને વિધાનસભાના અધ્યક્ષ બનવા બદલ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ સાફો પહેરાવીને અંતઃકરણપૂર્વક સન્માનિત કર્યા હતા. બનાસ ડેરીના ચેરમેન અને વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ પ્રાસંગિક સંબોધનમાં જણાવ્યું હતું કે બનાસ ડેરી એ માત્ર એક સંસ્થા નથી, પરંતુ સૌને સાથે લઈને ચાલવાનો એક વિચાર એટલે બનાસ ડેરી. આ ઐતિહાસિક સફરમાં સૌ કર્મચારીઓ જેમણે પોતાપણાના ભાવ સાથે સંસ્થામાં નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવી છે એના લીધે આજે બનાસ ડેરી વિશ્વભરમાં જાણીતી થઈ છે. જો ટેક્નોલોજી અને સિસ્ટમની વ્યવસ્થા મજબૂત કરવામાં આવશે તો આગામી સમયમાં બનાસ ડેરીને પ્રગતિના પંથે બુલેટ ટ્રેનની ઝડપે દોડતાં કોઈ રોકી નહિ શકે. ભવિષ્યમાં સહકાર અને સરકારની મદદથી બનાસ ડેરીને પ્રગતિનો નવો સ્પર્શ આપી ખેડૂતો, પશુપાલકોના સર્વાંગી વિકાસ માટે નવી ટેક્નોલોજી અને નવી સિદ્ધિઓ હાંસલ કરવા નવાં સાહસો કરવામાં આવશે, સાથે અધ્યક્ષ બનવાનો સૌથી વધુ ફાયદો બનાસકાંઠાને થશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે વધુમાં કહ્યું હતું કે સ્વાગત કે સન્માનિત કરવામાં આપવામાં આવતી વસ્તુઓની પ્રથા બદલવી પડશે. સ્વાગતમાં પુસ્તક, બનાસ ડેરીની પ્રોડક્ટ્સ, ફળ અથવા તો જે વસ્તુ કામમાં આવે એ આપવામાં આવશે તો તે શ્રેષ્ઠ રહેશે, જેની શરૂઆત બનાસ ડેરી કરશે.

બનાસ ડેરીએ ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના નેતૃત્વમાં ખૂબ જ પ્રગતિ કરી છે, જેનો સૌથી મોટો ફાયદો બનાસકાંઠા જિલ્લાના લાખો પશુપાલકો અને ખેડૂતોને થયો છે, જેના લીધે ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરી અને પશુપાલકો તથા ખેડૂતો વચ્ચે એક સંવેદનાનો સંબંધ બંધાઈ ગયો છે. છેલ્લાં સાત વર્ષના કાર્યકાળમાં બનાસ ડેરીએ જિલ્લામાં તેમજ રાજ્ય બહાર કરેલી ઉત્તરોત્તર પ્રગતિ અને બનાસ ડેરીને સક્ષમ નેતૃત્વ આપવા બદલ બનાસકાંઠાના સાંસદ શ્રી પરબતભાઈ પટેલ, બનાસ ડેરીના નિયામક મંડળ અને કર્મચારીઓએ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો અને આગામી સમયમાં વિશ્વભરમાં બનાસ ડેરી સહકારી ક્ષેત્રે અવલ આવશે એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. સંસ્થામાં કામ કરતા નાના કર્મચારીથી લઈને મોટા અધિકારીઓએ રૂબરૂ મળીને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.










## બનાસ પર વરસ્યા

# નારીશક્તિના આશીર્વાદ

**બનાસની આત્મનિર્ભર મહિલા પશુપાલકો સાથે સીધો સંવાદનો અવસર એટલે દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમ**



મા જગદંબાની શક્તિનું સ્વરૂપ છે બનાસની મહિલા પશુપાલક બહેનો, જેમના આશીર્વાદ બનાસ ડેરી સાથે જોડાયેલા લાખો પરિવારના જીવનમાંથી અંધકારને દૂર કરી ખુશી, પ્રેમ અને સુખનો દીવો પ્રગટાવવામાં ફળ્યાં છે તેમજ બનાસ ડેરીને રણમાં પણ હરિયાળો માર્ગ શોધી કાઢવાની શક્તિ મળી છે. બનાસના સહકારી ક્ષેત્રમાં બનાસની મહિલાઓનો ફાળો અપાર સાગર જેવો છે ત્યારે તેમને તેમના પરિશ્રમ, પરસેવા અને પુણ્યથી થયેલ વિકાસનાં કામો અને પારદર્શક વ્યવહારની તમામ જાણકારીથી અવગત કરવા તેમજ પશુપાલન વ્યવસાય સંદર્ભે જાગૃતતા ફેલાવવાના ઉમદા અભિગમ સાથે બનાસ ડેરી અને ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન દ્વારા બનાસકાંઠાના દરેક તાલુકામાં દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલી મહિલા પશુપાલકો અને ખેડૂતોએ બનાસ ડેરીએ કોરોના મહામારી દરમિયાન કરેલી કામગીરી, નવા પ્લાન્ટનું નિર્માણ, મધની ખેતીની શરૂઆત, દૂધનો ઐતિહાસિક ભાવવધારો તેમજ સૂકા વિસ્તારને પાણીદાર બનાવવા બદલ ઉત્સાહપૂર્વક ચેરમેન શંકરભાઈ ચૌધરીનો આભાર માન્યો હતો.

બનાસની નારીશક્તિના પરિશ્રમ, પરસેવા અને પુણ્યથી 'સંકલ્પથી સિદ્ધિ'નું સૂત્ર સાકાર થયું છે. એમના જ આશીર્વાદ, વિશ્વાસ અને સહયોગના કારણે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ છેલ્લાં સાત વર્ષમાં અઢળક વિકાસલક્ષી નિર્ણયો, યોજનાઓ, કાર્યો અને પારદર્શક વ્યવહારો કર્યા છે. બનાસકાંઠાના લાખો પશુપાલકો, ખેડૂતો અને સામાન્ય પરિવારોની છે આ બનાસ ડેરી. આજે બનાસ ડેરીએ વિશ્વભરમાં



સહકારી ક્ષેત્રે એક આગવી ઓળખ પ્રાપ્ત કરી છે અને વટવૃક્ષ બની છે. બનાસની લાખો માતા-બહેનોના આશીર્વાદે ખેડૂતલક્ષી, પશુપાલકોના હિતલક્ષી અને કલ્યાણકારી વિકાસનાં કાર્યો તેમજ સુદૃઢ વ્યવસ્થા પૂરી પાડવા બનાસ ડેરીને પ્રેરિત કરી સૂકા પ્રદેશમાં પરિવર્તનનો પવન ફૂંક્યો છે, હરિયાળીની ચાદર પાથરી છે અને સહકાર ક્ષેત્રમાં પ્રગતિના પંથે અગ્રેસર રાખ્યા છે.

**બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમમાં પ્રેરણાદાયી સંવાદ કરતાં જણાવ્યું હતું કે,** “મા જગદંબાની શક્તિ સ્વરૂપ બનાસની મહિલા પશુપાલક બહેનો બનાસ જેવા સૂકા સરહદી વિસ્તારમાં શ્વેતક્રાંતિ લાવીને સક્ષમ, સશક્ત અને પોતાના પરિવારની મોભી બની છે, તેનો મને આનંદ છે. આજે લાખો બહેનો દૂધ ઉત્પાદન થકી પોતાના પરિવારને સાચવે છે. બનાસની જો કોઈ સાચી તાકાત હોય તો તે આ બહેનો છે. એમનો પરિશ્રમ, પરસેવો અને પુણ્ય જ મને એમના કલ્યાણ માટે કામ કરવાની શક્તિ આપે છે એટલે બનાસની મહિલા બનાસ ડેરીની બેઠકમાં હાજરી આપતી થાય, સ્ટેજ પર બેસતી થાય, ડિરેક્ટર તેમજ ચેરમેન પણ બની શકે એ દિશામાં કામ કરવામાં આવી રહ્યું છે. દૂધના પૈસા ખોટી રીતે કોઈના ઘરમાં ગયા તો તે ક્યારેય સુખી નહિ થાય, કારણ કે આ પુરુષાર્થ, પરિશ્રમ અને પુણ્યના પૈસા છે. પૈસા ઘરમાં આવે પણ સુખ ઘરમાં ના આવે તો તે પૈસા કોઈ કામના નથી. હું બનાસ ડેરી સાથે રહીને જે હક જેનો છે એને આપવા પરિશ્રમ કરું છું. હું બનાસ ડેરીમાં આવ્યો ત્યારે બનાસ ડેરીની મિલકત ૮૦૦ કરોડ હતી જે માત્ર સાત વર્ષમાં વધીને ૪૦૦૦ કરોડ થઈ ગઈ છે. આ તમામ મિલકતના હકદાર અને માલિક બનાસના પશુપાલકો છે, એમના કારણે જ બનાસ વિશ્વમાં પ્રખ્યાત થઈ છે. બનાસ ડેરીનો વિકાસ કરીને તમને સમૃદ્ધ બનાવવા સતત પરિશ્રમ કરતો રહીશ, કારણ કે હું આજે છું કાલે નહિ, પરંતુ ડેરીનાં વિકાસલક્ષી કાર્યો સદાય રહેશે અને એનો લાભ બનાસના લોકોને આજીવન મળતો રહેશે. મારી માતા-બહેનોની મહેનતનું મીઠું ફળ એમને મળે, એમના અધિકાર એમને મળે અને સતત દૂધના ભાવમાં વધારો કરી લાખો પશુપાલકોને આર્થિક રીતે મજબૂત, જીવનધોરણ સરળ અને સંપૂર્ણ સુખી બનાવવાનો પ્રયાસ કરતો રહીશ. આ બનાસ ડેરી મારી નથી, એ તો સૌ પશુપાલકોની છે. હું તો બસ, તમારા કલ્યાણ માટે કામ કરું છું. મારા જેવા ચેરમેન તો કેટલાય આવ્યા અને ગયા. બનાસના પશુપાલકો જ સદાય રહેવાના છે. આ ડેરી કાયમ રહેવાની છે. મારે એમની સુખાકારી માટે કામ કરવું છે. જ્યારે હું અહીંથી જાઉં ત્યારે દરેક પશુપાલકને સુખી હોય એવું કામ કરવું છે.”

બનાસકાંઠાના તમામ તાલુકાઓમાં દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બનાસ ડેરીના કર્મચારીઓ દ્વારા પશુપાલન, ડેરીની પ્રક્રિયા, ભવિષ્યનાં આયોજનો વગેરે જેવા વિષયોથી અવગત કરવામાં આવ્યા હતા. દૂધ દિન કાર્યક્રમમાં હજારો મહિલાઓએ બનાસ ડેરીનું નેતૃત્વ કરતાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી ઉપર પ્રેમ અને સ્નેહના ભરપૂર આશીર્વાદ વરસાવ્યા હતા. બનાસ ડેરી થકી ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ખેડૂતો, પશુપાલકો અને જિલ્લા માટે કરેલાં અઢળક કલ્યાણકારી કામોની ખુશી પશુપાલકોના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ રહી હતી.





# બનાસના નેતૃત્વનો અંતઃકરણપૂર્વક આભાર માનતી બનાસની મહિલા પશુપાલકો



થરાદ

**“ મારું નામ માળી સવિતાબહેન પરેશભાઈ છે. હું થરાદના લુવાણા ગામમાં રહું છું.**

સાહેબ, હું ઘણા સમયથી પશુપાલનનો ધંધો કરું છું. આખું વર્ષ દૂધના સારા ભાવ મળ્યા અને સારા ભાવફેરની પણ આશા હોય છે. સાહેબ, તમે જે આ વર્ષે ૧૯.૧૨% જેટલો ઐતિહાસિક ભાવવધારો આપ્યો એ દિવસ તો અમારા માટે તહેવાર જેવો હતો. અમને તો આપના પર ભરોસો હતો જ કે આપ જિલ્લાની બહેનોને ક્યારેય નારાજ નહિ કરો. વળી, આટલા દિવસ તો ટકાવારી પ્રમાણે કેટલો નફો આવતો એ કાંઈ ખબર ન પડતી પણ આ વખતે આપણા માન. ચેરમેનસાહેબશ્રીએ જેમ એક ભાઈ પોતાની બહેનને પત્ર લખે એ પ્રમાણે અમને જે ઘરે-ઘરે પત્રથી જાણ કરી એ બદલ આપ સાહેબશ્રીનો ખૂબ ખૂબ આભાર. એનાથી અમારો વિશ્વાસ આપના પર ખુબ વધી ગયો છે. આપ આવી જ પ્રગતિ કરતા રહો એ માટે શુભેચ્છાઓ.



પારદર્શક વહીવટ એટલે આપણા ચેરમેનસાહેબ. આજે આ બધી મહેનત પાછળ એમનો કોઈ સ્વાર્થ નથી એ સ્પષ્ટપણે જોવા મળે છે અને મેં સાંભળ્યું છે કે ચેરમેનસાહેબ તો બનાસ ડેરીની ગાડીનો પણ ઉપયોગ કરતાં નથી, સાથે બનાસ ડેરીને દુનિયામાં પ્રખ્યાત કરવા પોતે જે મહેનત કરે છે તેનું ભથ્થું પણ લેતા નથી. અમે સાહેબ આજે અમારી અંતઃકરણથી પ્રાર્થના કરીએ છીએ કે આપ સાહેબ ખૂબ જ સુખકારક જીવન સાથે આપના જીવનમાં ખૂબ જ પ્રગતિ કરો.

આજ અમે કેટલું દૂધ ભરાવીએ છીએ એનો પણ મેસેજ અમને મળી જાય છે. પોતાની બહેનો વિશે હંમેશાં ચિંતિત રહી આપ સાહેબશ્રીએ ચાલુ વર્ષે ચાર વખત દૂધના ભાવમાં વધારો કાર્યો અને વળી, છેલ્લે નડેશ્વરી માતાની પવિત્ર જગ્યાએ આપ સાહેબશ્રીએ જે ૩૦ રૂપિયાનો વધારો કર્યો, જે અમારા જેવી બહેનો માટે સાહેબ તરફથી નવરાત્રિની સોગાત છે. એ માટે આપ સાહેબશ્રીનો આભાર. ”

## ધાનેરા

**“મારું નામ પટેલ શીતલબહેન નારણભાઈ છે. હું ધાનેરા તાલુકાના સરાળ ગામની વતની છું.**



સાહેબ, આજ અમે આપનું નામ દેશ-દુનિયામાં ગુંજતું જોઈએ છીએ. ત્યારે અમે ગર્વથી કહીએ છીએ કે આ તો અમારી બનાસ ડેરીના ચેરમેન સાહેબ છે. આપના અથાગ પ્રયત્નો તેમજ દૂરંદેશી થકી જ બનાસ ડેરીનું નામ આખા દેશમાં જાણીતું થયું છે. એ જ રીતે જ્યારે પહેલા અમે નડેશ્વરી માતાજીનાં દર્શન કરવા જતાં ત્યારે ત્યાં મંદિર સિવાય કઈ જ નહોતું પણ છેલ્લે હમણાં જ્યારે નડેશ્વરી માતાજીનાં દર્શન કરવા ગયાં તો નડાબેટની તો રોનક જ બદલાઈ ગઈ છે. અમે જોયું કે સૂઈગામ જેવા છેવાડાના તાલુકાને કોઈ જાણતું પણ નહોતું આજે એ તાલુકામાં રાજ્યની અલગ અલગ જગ્યાએથી લોકો જોવા આવે છે. આ બધું સાહેબ આપના લીધે જ શક્ય બન્યું છે. આપ સાહેબ આવી જ રીતે બનાસ ડેરી તેમજ આ જિલ્લાનો ઉત્તરોત્તર વિકાસ કરતા રહો એ માટે હું ભગવાનને પૂરા અંતઃકરણથી પ્રાર્થના કરું છું.”

## ભાભર

**“મારું નામ દેસાઈ કિંજલબહેન લક્ષ્મણભાઈ છે. હું ભાભર તાલુકાના ઢેકવાડી ગામમાં રહું છું.**



સાહેબ, ઘણા દિવસોથી અમે આપની રાહ જોઈ રહ્યાં હતાં. પહેલાના સમયમાં અમને એ દિવસો પણ યાદ છે કે આપણા વિસ્તારમાં વરસાદની અછત હોવાથી પાણીની ખૂબ જ સમસ્યા હતી. પાણીની સમસ્યાના લીધે અમને એ દિવસો પણ યાદ છે કે આ વિસ્તારના લોકોને પોતાનું વતન છોડીને બીજા વિસ્તારમાં મજૂરી કરવા જવું પડતું પણ સાહેબશ્રી આપ સાહેબ જ્યારે ધારાસભ્ય બન્યા ત્યારે અથાગ પ્રયત્નો થકી ઠેરઠેર નર્મદાનું પાણી આવતાં આજે અમે સારી ખેતી તેમજ પશુપાલન વ્યવસાય કરતાં થયાં તેમજ તબેલા બનાવી સારી આવક મેળવતા થયાં. અમારા માટે હંમેશાં આપ જે રીતે ચિંતિત રહી અમારા પ્રશ્નોનું નિરાકરણ કરો છો એ થકી જ જિલ્લાની મહિલાઓ આત્મનિર્ભર બની છે. એ માટે આપ સાહેબશ્રીનો આભાર.

આપ જ્યારે ધારાસભ્ય હતા ત્યારે તાલુકામાં અતિવૃષ્ટિ થઈ અને ખૂબ જ વરસાદ આવ્યો, પૂર જેવી પરિસ્થિતિ ઊભી થઈ ત્યારે અમે તો સાહેબ નિરાધાર બની ગયાં હતાં. જમીનોનું પણ ધોવાણ થઈ ગયું હતું અને પશુઓને ખવડાવવા માટે ઘાસચારો પણ પૂરતો ન હતો. એવા કપરા દિવસોમાં જે આપે સરકારશ્રીમાંથી અમારા તાલુકાના ઘરે ઘરે કેશડોલ અને જમીન ધોવાણના જે પૈસા અપાવ્યા હતા. સાહેબ એ ઋણ અમે ક્યારેય ભૂલી શકીએ એમ નથી.”



# દુરંદેશી નેતૃત્વનું સકારાત્મક પરિણામ




## છ દિવસમાં ૧૫ મોટી જાહેરાતો

ભવિષ્યના આયોજનની તૈયારી અત્યારથી કરી લેવી જોઈએ એવું વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ આપણને શિખવાડ્યું છે. એમણે બતાવેલા માર્ગ પર ચાલીને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પણ બનાસના પશુપાલકો તેમજ બનાસ ડેરીના ઉજ્જ્વળ ભવિષ્ય માટે અનેક પ્લાનિંગ કર્યાં છે. તેમણે દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમના શરૂઆતના માત્રજી દિવસની અંદર જ સૌથી મોટી ૧૫ જાહેરાતો કરી જતી, જે બનાસકાંઠાને એક નવી દિશા આપશે.

**થરાદ:**

- બનાસ ડેરી એક એવા રોબોટની ટેક્નોલોજી અપનાવશે, જે ગોબર ઉઠાવશે અને એકઠું કરશે.
- બનાસ ડેરી ડ્રોન ટેક્નોલોજી વસાવશે, જેને પશુપાલક પોતાના ફોનથી હેન્ડલ કરશે અને ડ્રોનમાં દૂધ રાખીને દૂધ મંડળમાં ભરાવી શકશે.
- ગૌમૂત્ર પર રિસર્ચ કરીને તેમાં વેલ્યૂ એડિશન કરી તેને માર્કેટમાં મૂકવામાં આવશે.
- બનાસ ડેરી બની વિશ્વની પ્રથમ ઈ-ડેરી, કાગળ છોડીને તમામ કામગીરી કમ્પ્યૂટર ઉપર કરાઈ.

**રાધનપુર:**

- સુબાપુરા ગામે નવનિર્મિત ઉમંગ મોલનું ઈ-લોકાર્પણ કરાયું હતું.
- રાધનપુરમાં બનાસ ડેરીનો ઉમંગ મોલ અને ગોબર ગેસ પ્લાન્ટ નિર્મિત કરવામાં આવશે, જેનું લોકાર્પણ જલદી જ કરવામાં આવશે.

**પાલનપુર-વડગામ:**

- એશિયાની અંદર સૌથી વિશાળ કેટલ ફીડ પ્લાન્ટનું નિર્માણ પાલનપુર તાલુકાની આજુબાજુમાં કરવામાં આવશે.
- મહિલાઓ માટે બનાસ મેડિકલ કોલેજ દ્વારા ગામડે ગામડે બ્લડ ચેકઅપની એક ડ્રાઇવ ચલાવવામાં આવશે.
- આધુનિક ક્લોનિંગ ટેક્નોલોજી અપનાવવામાં આવશે.

**ધાનેરા:**

- એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીની મદદથી આશરે ૧૦ લાખ જેટલી દેશી કાંકરેજી ગાયોની સંતતિ પેદા કરવાનું લક્ષ્ય રખાયું.
- લંપી રોગથી સંક્રમિત ગાયોના દૂધમાં વધારો કરવા બનાસ ડેરીએ એવું દાણ તૈયાર કર્યું, જે દશ દિવસમાં દૂધ ઉત્પાદનમાં વધારો નોંધાવશે.

**સૂઈગામ:**

- નડાબેટ ખાતે ચેરમેન શંકરભાઈ ચૌધરીએ પશુપાલકો અને ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને દૂધના ભાવમાં પ્રતિકિલો ફેટે રૂ. ૩૦ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો હતો.

**વાવ:**

- બનાસ ડેરી આગામી સમયમાં ભીલડીની અંદર ૨૫૦ વીઘા જમીનમાં એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીની મદદથી કાંકરેજ ગાયોની સંતતિ પેદા કરવા માટેના સ્ટેશનનું નિર્માણ કરશે.
- બનાસકાંઠાના રણ વિસ્તારમાં સોલર પેનલ પાથરીને સમગ્ર ભારત દેશ માટે બનાસના રણને ઊર્જાનું કેન્દ્ર બનાવવામાં આવશે.
- રાજ્ય સરકારની મદદથી ઝીરો બોર્ડર સુધી નિઃશુલ્ક ફરવા જવા માટે દરવાજા ખોલી આપ્યા હતા.

# બનાસ જળશક્તિ અભિયાન

## સૂકા પ્રદેશને પાણીદાર બનાવવાનું ભગીરથ કાર્ય

## ધારદાર વિચાર, અણીદાર કામ, પાણીદાર વિસ્તાર



ગામની સમૃદ્ધિનો આધાર ખેતી અને પશુપાલન છે અને આ બંનેનો આધાર પાણી છે. આપણને પાણી વરસાદરૂપે કુદરત પાસેથી મળે છે, પરંતુ વરસાદનો કંટ્રોલ આપણા હાથમાં નથી. વરસાદ ક્યાં પડે, કેટલો પડે, ક્યારે પડે એ નિયંત્રણ થઈ શકતું નથી. બનાસકાંઠા જિલ્લામાં દિન-પ્રતિદિન ભૂગર્ભજળ ઘણાં ઝડપથી ઊંડા જઈ રહ્યાં હતાં. જિલ્લામાં પશુપાલન અને ખેતીવાડી નિભાવવા માટે સર્વત્ર પાણીની અછત વર્તાઈ રહી હતી. પાણીની વિકટ સમસ્યાના નિરાકરણ માટે વરસાદી પાણીનું મહત્ત્વ અને તેના જળસંચયની  તાતી જરૂરિયાત અંગે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સતત બનાસ ડેરીના નિયામક મંડળમાં અને ખેડૂતો વચ્ચે ચિંતાઓ વ્યક્ત કરી હતી. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ખેડૂતો અને પશુપાલકોની વેદના સાંભળતાં જળસંકટના કારણે ઊભી થતી સમસ્યાઓ, દૂરગામી અસરોની, નિયામક મંડળના સભ્યશ્રીઓ સમક્ષ ચિંતાઓ વ્યક્ત કરી, બનાસ ડેરીના નેજા હેઠળ જળસંચય કામગીરીની શરૂઆત કરવા અને સમગ્ર બૃહદ બનાસકાંઠા જિલ્લાને હરિયાળો અને પાણીદાર બનાવવાનો દૃઢ સંકલ્પ કર્યો હતો.



# ૭૫ તળાવની સામે ૧૪૦ તળાવનું નિર્માણ

## ઘર સુધી રણને આવતાં અટકાવ્યું, જળ સાચવી જીવન બચાવ્યું

ધરતીને અમૃતમય બનાવવા માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કરેલા આહ્‌વાનને સાચા અર્થમાં સાકાર કરવા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ લોકભાગીદારીથી ૭૫ તળાવોની સામે ૧૪૦ તળાવનું નિર્માણ કરાવ્યું.

બનાસ સંકુલ સણાદર (દિયોદર)ના ઉદ્‌ઘાટન પ્રસંગે વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ બનાસવાસીઓને નર્મદાના પાણીને ઈશ્વરનો પ્રસાદ-પારસ માનીને આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં ૭૫ તળાવનું નિર્માણ કરવા આહ્‌વાન કર્યું હતું. એમના આ આહ્‌વાનને સાર્થક અને સફળ બનાવવા ચેરમેનશ્રીએ તાત્કાલિક ધોરણે બનાસવાસીઓના સાથ સહકારથી બનાસ જળશક્તિ અભિયાનમાં કામગીરી ઝડપી શરૂ કરી દીધી હતી. તેમણે બનાસ જળશક્તિ અભિયાન શરૂ કરી લોકભાગીદારી સાથે ગામડે ગામડે ૧૪૦ તળાવ ઊંડાં કરીને તેમાં ચોમાસાનાં પાણીનો સંગ્રહ જળથી સમૃદ્ધ બનેલો વારસો ભાવિ પેઢીને આપવાનું એક ભગીરથ કાર્ય કર્યું છે. બનાસ જળશક્તિ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં સમગ્ર જિલ્લામાં થયેલ જળ સંચય કામગીરીમાં આશરે ૩૫૦ કરોડ લિટરથી પણ વધુ પાણીનો જળસંગ્રહ થશે, જેનાથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કુવા અને બોરમાં ઊંડાં જંતા પાણીનાં તળ ઊંચાં આવશે, જેનો સીધો લાભ પશુપાલન અને ખેતીમાં સિંચાઈ ક્ષેત્રે થશે. વધુમાં સતત ભારે વરસાદ કે અતિવૃષ્ટિ જો હોય તો આવાં તળાવ ચોમાસામાં બે ત્રણ વખત ભરાતાં હોય છે. આમ તળાવની જળસંગ્રહ કેપિસિટીમાં વધારો થશે અને આ પાણી ભૂગર્ભમાં ઊતરતાં તેનો સંચય થશે.



# પ્રાચીન વારસાને બચાવવા બનાસ ડેરીની સુંદર પહેલ

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પૌરાણિક-પ્રાચીન વાવની મુલાકાત કરીને તેનો જીર્ણોદ્ધાર કરવાનું કામ હાથ ધર્યું હતું. સુઆયોજિત નગર રચના અને સ્થાપત્ય સાથે આપણા વડવાઓએ દૂરંદેશી વાપરીને જળસંકટ જેવી ગંભીર સમસ્યાઓ નિવારવા વાવ સંસ્કૃતિ વિકસાવી હતી. આજે બનાસકાંઠા જિલ્લામાં લગભગ ૩૫ જેટલી વાવ આવેલી છે, જેમાંની કેટલીક દટાઈ ગઈ છે અથવા તો જર્જરિત હાલતમાં છે. આજે વિશ્વભરમાં જળસંકટની સમસ્યા ઊભી થઈ છે ત્યારે રાજ્ય સરકાર અને બનાસ ડેરીના સંયુક્ત પ્રયાસોથી જિલ્લામાં પ્રાચીન વાવ જાળવણી અને તેના પુનઃસ્થાપના માટે “જળમંદિર” તરીકે તેનો જીર્ણોદ્ધાર કરવાનું અભિયાન હાથ ધરાયેલ છે. આ આપણા દેશના વડવાઓની પ્રાચીન જળ વ્યવસ્થાપનનો ભાગ છે.








# પ્રયાસ, પરિશ્રમ અને પરિણામની ઝલક


















# નવાં નીરનાં વધામણાં



ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ૧૮ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ દાંતીવાડા તાલુકાના રાણોલ ગામમાં બનાસ જળસંચય અભિયાન અંતર્ગત નિર્માણ થયેલ તળાવમાં નવા નીરની આવક થતાં ગ્રામજનોની હાજરીમાં વિધિવત્ રીતે શ્રીફળ વધેરીને હોંશે હોંશે ઢોલ-નગારાંના તાલે તળાવના વધામણાં કર્યાં હતાં. તેમણે કહ્યું હતું કે બનાસ ડેરીએ નિર્માણ કરેલ પાણીથી ભરપૂર આ તળાવ કુદરતના ખોળે બેઠાં હોઈએ એવી આહ્લાદક અનુભૂતિ કરાવે છે. આ તળાવ ખેડૂતો અને પશુપાલકોના સુખાકારીનું પ્રતીક બનશે.





# બનાસની ધરતીમાં મઘમઘતી ભીનાશ

આદરણીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબના આહ્વાનને સાકાર કરવા અને સાર્થક બનાવવા બનાસકાંઠાની પુણ્યપાવન ભૂમિના એક-એક નિવાસી અને બનાસ ડેરી દ્વારા ગામેગામ નિર્માણ કરાયેલાં તળાવ.





## પશુપાલકો અને ખેડૂતોનો મોલ

# ઉમંગ મોલ

### સહકારથી ખેડૂતો અને પશુપાલકોની સમૃદ્ધિમાં વધારો કરવા માટે બનાસ ડેરીનું એક નવું સાહસ એટલે ઉમંગ મોલ




- ઉમંગ મોલ શરૂ કરવા પાછળનો હેતુ ખેડૂતો અને પશુપાલકોના સમય અને પૈસાની બચત કરી ઘરઆંગણે જ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવાનો છે.
- ભવિષ્યમાં આ ઉમંગ મોલ બનાસકાંઠાની ઓળખાણ બનશે અને જિલ્લાના અર્થતંત્રને મદદ કરશે.
- શહેરોમાં જોવા મળતા મોલ જેવા જ ઉમંગ મોલ બનાસ ડેરીએ ગ્રામ્ય વિસ્તાર જેવા કે ધાનેરા, થાવર, જગાણા, નાની ગીડાસણ, સુબાપુરા માં શરૂ કર્યા છે.
- શ્રેષ્ઠ ચીજવસ્તુઓ સસ્તા ભાવે તેમજ ડિજિટલ પેમેન્ટ જેવી આધુનિક વ્યવસ્થાથી સજ્જ છે આ ઉમંગ મોલ.

એશિયાની સૌથી મોટી અને બનાસકાંઠાના લોકો માટે જીવાદોરી સમાન બનાસ ડેરીએ પશુપાલકો, ખેડૂતો અને ગામમાં રહેનારા લોકોને જીવન જરૂરિયાતની શ્રેષ્ઠ ચીજવસ્તુઓ-સામગ્રી સસ્તા ભાવે તેમના ઘરઆંગણે જ આપવા અને એમના પૈસા એમની પાસે જ પરત આવે, સાથે બનાસકાંઠા જિલ્લાના ઉત્પાદનમાંથી બનતી વસ્તુઓ બનાસ ડેરીના નામ સાથે ઉમંગ મોલમાં જ પેકિંગ થઇ વેચાય એવા હકારાત્મક અભિગમ સાથે બનાસ ડેરીએ ઉમંગ મોલ ઊભા કરવાનું સાહસ કર્યું છે, જેની શરૂઆત ધાનેરા અને થાવર ગામથી કરવામાં આવી હતી, જેનો શુભારંભ ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના વરદ્ હસ્તે કરવામાં આવ્યો હતો. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું કહેવું છે કે ગામના લોકો માટે આ એક આધુનિક વ્યવસ્થા સાથેનો રૂરલ મોલ છે. સહકારથી ખેડૂતો અને પશુપાલકોની સમૃદ્ધિમાં વધારો કરવા માટે બનાસડેરીનું એક નવું સાહસ આ ઉમંગ મોલ છે. ગ્રામજનોને બજારમાં મળતી તમામ વસ્તુઓ તેમના ઘરઆંગણે ઉપલબ્ધ કરવવાની સુદૃઢ વ્યવસ્થાના ભાગરૂપે બનાસ ડેરી દ્વારા આધુનિક વ્યવસ્થા ધરાવતા ઉમંગ મોલનું નિર્માણ કરવામાં આવ્યું છે. આગામી સમયમાં જિલ્લાનાં અન્ય ગામડાંઓમાં





આ ઉમંગ મોલ શરુ કરવાનું બનાસ ડેરીનું આયોજન છે.

જ્યારે સ્વ. શ્રી ગલબા કાકાએ બનાસ ડેરીની શરૂઆત કરી, ત્યારે તેઓએ કદાચ કલ્પના પણ નહિ કરી હોય કે એમણે રોપેલું બીજ આજે વિશાળ વટવૃક્ષ બનશે. આજે પશુપાલકો અને ખેડૂતોના જીવનને સરળ અને સમૃદ્ધ બનાવવા માટે બનાસ ડેરીએ દૂધ સિવાયના અન્ય કેટલાય વ્યવસાયો અને વ્યવસ્થાની શરૂઆત કરી છે. બનાસ ડેરીની ૫૩મી વાર્ષિક સાધારણ સભામાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું હતું કે ગામમાં વસતા પશુપાલક અને ખેડૂતોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સાથે અન્ય સામગ્રી લેવા માટે બજારમાં જવું ના પડે છે, તે માટે બનાસ ડેરી એક એવી વ્યવસ્થા ઊભી કરશે કે જ્યાં ખેડૂતો અને પશુપાલકોને તેમના ઘરઆંગણે જ શ્રેષ્ઠ ગુણવત્તાવાળી તમામ વસ્તુઓ સસ્તા ભાવે અને ડિસ્કાઉન્ટ સાથે મળી રહેશે. આજે બનાસ ડેરી દ્વારા એ વ્યવસ્થાની શરૂઆત કરવામાં આવી છે, એ વ્યવસ્થા એટલે કે બનાસ ડેરીનો ઉમંગ મોલ. ધાનેરા અને થાવરમાં ઉમંગ મોલના શુભારંભ પ્રસંગે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે આગામી ૨૦-૨૫ વર્ષ પછી આ ઉમંગ મોલનું વૃક્ષ વિશાળ વટવૃક્ષમાં રૂપાંતરિત થઇ બનાસકાંઠા જિલ્લાની ઓળખ બનશે તેમજ બનાસકાંઠાના અર્થતંત્રને મજબૂત બનાવવામાં ડેરીએ જે રીતે મદદ કરી છે તેવી જ મોટી મદદ ભવિષ્યમાં આ ઉમંગ મોલ કરશે. આ સિવાય આ મોલ થકી બનાસકાંઠા જિલ્લાના ઉત્પાદનમાંથી બનતી વસ્તુઓ બનાસ ડેરીના નામ સાથે ઉમંગ મોલમાં જ પેકિંગ થઇ વેચાશે, જેનો ઘણો મોટો ફાયદો જિલ્લાના જ ખેડૂતો અને પશુપાલકોને મળશે. આ મોલમાં મળતી વસ્તુઓ બજાર કરતાં ઉચ્ચ ગુણવત્તાવાળી અને વાજબી ભાવે મળે છે, જે બહારના માર્કેટમાં નહિ મળતી હોય અને કદાચ મળી પણ ત્યાં તો તેની કિંમત વધારે હશે. ખેડૂતો અને પશુપાલકોના કામમાં આવતી વસ્તુઓ જેવી કે દાતરડું, પાવડો, કોદાળી જેવી મળશે. ઉમંગ મોલ બજારમાં જોવા મળતા આધુનિક મોલ જેવો જ છે, જ્યાં તમામ ચીજવસ્તુઓ ડિસ્કાઉન્ટ સાથે શ્રેષ્ઠ અને સસ્તા ભાવે મળે છે તેમજ ગ્રાહકો માટે ડિજિટલ પેમેન્ટની વ્યવસ્થા પણ ઊભી કરાઈ છે. આને રૂરલ મોલ પણ કહી શકાય છે. આ મોલ દૂધ મંડળીઓ સાથે જોડાયેલા હશે. જેનો ફાયદો પશુપાલકોને થશે.

આજે બનાસ ડેરી ગ્રામીણ બનાસકાંઠા અને એમાં વસતા લોકોનાં જીવનને સરળ અને સમૃદ્ધ બનાવવા માટે કટિબદ્ધ છે, એમાંનું એક સાહસ એટલે ઉમંગ મોલ. ઉમંગ મોલના આવવાથી હવે બનાસની વસ્તુ બનાસકાંઠામાં જ તૈયાર થઈને વાજબી ભાવે બનાસવાસીઓને મળતી થશે, પશુપાલકો અને ખેડૂતોને બજાર જવા માટે ભાડામાં ખર્ચાતા પૈસાની બચત થશે, સમયની બચત થશે, બજારમાં જોવા મળતી આધુનિક વ્યવસ્થાનો લાભ ગામમાં જ મળશે અને ગામના લોકો કેશલેસ વ્યવહાર કરતા થશે. શરૂઆતમાં બનાસ ડેરી દ્વારા ધાનેરા અને થાવરમાં ઉમંગ મોલ ઊભા કરવામાં આવ્યા છે, અગામી સમયમાં જિલ્લાનાં અન્ય સ્થળોએ પણ ઉમંગ શરુ કરવાનું બનાસ ડેરીનું આયોજન છે. શુભારંભ પ્રસંગે ઉપસ્થિત રહેલા ખેડૂતો, પશુપાલકો, ડેરીના સભ્યોએ ઉમંગ સાથે ઉમંગ મોલને આવકાર્યો હતો.



# બનાસ ડેરીના પશુપાલકોએ પશુપાલન વ્યવસાયને અત્યાધુનિક બનાવવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું

## કેન્દ્રીય પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલાજી

વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી ખેડૂતો અને પશુપાલકોની આવક બમણી કરવા સતત પ્રયત્નશીલ છે. તેમના માર્ગદર્શન હેઠળ ખર્ચ ઘટે અને ઉત્પાદન વધે એવા પ્રયત્નો કરાઈ રહ્યા છે ત્યારે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસકાંઠામાં આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા પશુપાલકો સમૃદ્ધ બને તે દિશામાં મહત્ત્વનાં પગલાં લેવાઈ રહ્યાં છે. એમના માર્ગદર્શન હેઠળ બનાસ ડેરીના પશુપાલકો ખેતી અને દૂધ ઉત્પાદન વ્યવસાયમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરી આર્થિક રીતે સમૃદ્ધ બન્યા છે, આત્મનિર્ભર બન્યા છે. ટૂંકમાં કહીએ તો બનાસ ડેરી એ ખેડૂતો, પશુપાલકો અને બનાસકાંઠા જિલ્લાનું ગ્રોથ એન્જિન બન્યું છે.


Parshottam Rupala
@PRupala

गुजरात के पशुपालकों ने पशुपालन व्यवसाय को अत्याधुनिक बनाने की बेहतरीन मिसाल पेश की है जिसके परिणाम स्वरूप 'सहकार से समृद्धि' मंत्र भी सार्थक हो रहा है।

अभिनंदन!!

Translate Tweet

Banas Dairy @banasdairy1969 · Jan 17
बनासकांठा पशुपालक अपने दुग्ध व्यवसाय को बढ़ावा देने के लिए आधुनिक तकनीक का उपयोग कर रहे हैं। यह भारत में पशुपालन पेशे की प्रोफाइल को बढ़ाने में मदद कर रहा है। पहले ऐसे दृश्यों की केवल विदेशों में ही कल्पना की जा सकती थी।

બનાસ ડેરીના લાખો પશુપાલકોએ વિશ્વમાં શ્વેતક્રાંતિનો રેકોર્ડ સર્જીને બનાસકાંઠાનું જ નહિ, પરંતુ દેશનું નામ રોશન કર્યું છે. આજે આ પશુપાલકો પોતાના દૂધના વ્યવસાયમાં આધુનિક ટેક્નોલોજીથી બનેલા દૂધ દોહવાના મશીનોનો ઉપયોગ કરતા થયા છે. માત્ર દોહવાનાં જ મશીનો નહિ, પરંતુ રોજિંદા દૂધ ઉત્પાદનના વ્યવસાયમાં કામ આવતાં અનેક પ્રકારના મશીનો વસાવ્યાં છે.

જેના કારણે દૂધ ઉત્પાદનનું કામ સરળ, ઝડપી અને ફળદાયી બન્યું છે. બનાસ ડેરીના પશુપાલકો પશુપાલન વ્યવસાયમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરતા થયા છે અને ભવિષ્યમાં વધુ લોકો ટેક્નોલોજીને પશુપાલન વ્યવસાયમાં અપનાવે તે માટે પશુપાલન અને ડેરી વિભાગના કેન્દ્રીય પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલાજીએ ટ્વિટ કરીને અભિનંદન પાઠવ્યાં હતાં અને પ્રશંસા કરી હતી.

કેન્દ્રીય પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલાજીએ ટ્વિટમાં લખ્યું હતું કે ગુજરાતના પશુપાલકોએ પશુપાલન વ્યવસાયને અત્યંત્તમ આધુનિક બનાવવાનું ખૂબ જ સુંદર ઉદહારણ પૂરું પાડ્યું છે, જેના કારણે આજે 'સહકારથી સમૃદ્ધિ'નો મંત્ર પણ સાકાર થઈ રહ્યો છે. આજે બનાસ ડેરીના સક્ષમ નેતૃત્વના કારણે બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો અને પશુપાલકો જાગૃત બન્યા છે, તેઓ પ્રાકૃતિક રીતે ખેતી કરતાં તો થયા છે સાથે પશુપાલન વ્યવસાયમાં પણ ટેક્નોલોજીનો ઉપયોગ કરતાં થયા છે. બનાસ ડેરી સાથે જોડાયેલા લાખો પશુપાલકોએ પશુપાલન વ્યવસાયને હાઈટેક બનાવવું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.





# રાષ્ટ્રભક્તિ રાષ્ટ્રસન્માન

## પ્રજાસત્તાક દિવસ નિમિત્તે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ધોરાજી ખાતે લહેરાવ્યો આપણા ગૌરવ સમાન રાષ્ટ્રધ્વજ





૨૬ જાન્યુઆરી, ૨૦૨૩ ગુરુવારે દેશના ૭૪મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિમિત્તે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના યશસ્વી ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ રાજકોટ જિલ્લાના ધોરાજી ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપી હતી તેમજ પ્રજાજનોને સંબોધિત કર્યા હતા. તેઓશ્રી રાષ્ટ્રધ્વજ લહેરાવીને પરેડની સલામી ઝીલીને રાષ્ટ્રભક્તિ અને શિસ્તબદ્ધતાથી રાષ્ટ્રસન્માનની આ ક્ષણના સાક્ષી બન્યા હતા.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને ૭૪માં પ્રજાસત્તાક દિવસ પર દુનિયાની સૌથી મોટી લોકશાહી તેવા સ્વતંત્ર ભારતના અમૃતકાળમાં આપણો દેશ વધુ ને વધુ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી. તેમણે કાર્યક્રમમાં સહભાગી થયેલા પ્રજાજનોને સંબોધિત કરતાં કહ્યું હતું કે પ્રજાસત્તાકદિન માત્ર એક દિવસ નથી, પરંતુ દરેક ભારતીય માટે ગર્વની ક્ષણ છે, બંધારણ અને લોકશાહીની સ્થાપનાની ઉજવણીનું પર્વ છે. દેશની એકતા અને અખંડિતતાને હંમેશાં અકબંધ રાખીને આત્મનિર્ભર બનવા દરેક નાગરિકે રાષ્ટ્રીય વિકાસના સાચા સારથિ બનવું પડશે. રાષ્ટ્ર ખાતર બલિદાન આપનારા દેશના વીરોને યાદ કરી એમને શ્રદ્ધાંજલિ પાઠવતાં તેમણે જણાવ્યું હતું કે ભારત એક લોકતાંત્રિક, સાર્વભૌમ અને પ્રજાસત્તાક દેશ છે. આજે વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ભારત દેશે જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, જે ઉત્તરોત્તર પ્રગતિ કરી છે એ સફળતા પાછળ ભારત દેશના શૂરવીરોનાં બલિદાન છે.








# 'વેસ્ટ ટૂ વેલ્થ અને વેસ્ટ ટૂ એનર્જી'

## બનાવવામાં બનાસ ડેરી અગ્રેસર

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત બનાસ ડેરીને ગોબર ધન યોજના માટે આપી રૂ. ૧૨.૫ લાખની સહાય.
- બનાસકાંઠા જિલ્લાના ૨૦૦ લાભાર્થીઓને બાયોગેસ પ્લાન્ટ બનાવવામાં મદદ પ્રાપ્ત થશે.
- સરકારની આ સહાયથી ખેડૂતો અને પશુપાલકોને વેસ્ટ ટૂ વેલ્થ અને વેસ્ટ ટૂ એનર્જી બનાવવામાં મોટી મદદ મળશે.

ગ્રામીણ ભારતમાં સ્વચ્છતાની પ્રવૃત્તિ આગળ વધારવા અને ખેડૂતોની આવક બમણી કરવા સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સહયોગથી કાર્યરત ગોબર ધન યોજના અન્વયે માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા બનાસડેરીને કુલ ૫૦ લાખની સહાયના પ્રથમ હપ્તા પેટે રૂ.૧૨.૫ લાખનો ચેક આપવામાં આવ્યો, જેને બનાસડેરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામભાઈ ચૌધરી દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો. 'ગોબર ધન યોજના' હેઠળ ગ્રામીણ ભારતમાં ખેડૂતો તેમજ ગ્રામવાસીઓને છાણને માત્ર કચરા તરીકે નહીં, પરંતુ આવકના સ્રોત તરીકે જોઈ પ્રોત્સાહિત કરવામાં આવે છે.

માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ 'સ્વચ્છ ભારત' હેઠળ ગામ માટે બાયોગેસના માધ્યમથી વેસ્ટ ટૂ વેલ્થ અને વેસ્ટ ટૂ એનર્જી બનાવવા ગામને સ્વચ્છ બનાવવા તેમજ પશુઓના છાણને તેમજ વણવપરાયેલા ખાતરને બાયોગેસમાં પરિવર્તિત કરીને ખાતર, ઊર્જા અને ધન પ્રાપ્ત કરવા પર ભાર મૂક્યો છે, તેના માટે કેન્દ્ર સરકાર દ્વારા ગોબર ધન યોજનાની શરૂઆત કરવામાં આવી હતી, સાથે ગોબરધન નામની વેબસાઈટ પણ કાર્યરત કરવામાં આવી છે. આ યોજના હેઠળ બનાસડેરી પોતાના સભાસદોને વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ બનાવવા માટે લાભાર્થીદીઠ ૨૫,૦૦૦ રૂપિયાની સહાય આ ભંડોળમાંથી આપે છે અને લાભાર્થીઓને ૫૦૦૦ રૂપિયાનું યોગદાન આપવાનું રહે છે. વેસ્ટ ટૂ વેલ્થ અને વેસ્ટ ટૂ એનર્જી પ્રાપ્ત કરતા એક ગામને મોડેલરૂપે તૈયાર કરવા માટે બનાસ ડેરી દ્વારા દિયોદર તાલુકાના નવા (દી) ગામના ૨૦૦ સભાસદોને ક્લસ્ટર બનાવી ગોબર ધન પ્રોજેક્ટ અંતર્ગત સમાવી લેવામાં આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા બનાસ ડેરીને ગોબર ધન યોજના માટે અપાયેલી આ મદદથી જિલ્લાના ૨૦૦ લાભાર્થીઓને બાયોગેસ પ્લાન્ટ બનાવવામાં મદદ પ્રાપ્ત થશે એવો ડેરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામભાઈ ચૌધરીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી કાર્યરત ગોબર ધન યોજના અન્વયે રાજ્યના સહકારી દૂધ ઉત્પાદક સંઘને પ્રથમ હપ્તા પેટે કુલ રૂ. ૧ કરોડની રકમનો ચેક વિતરણ કર્યો હતો, જેનાથી રાજ્યના ૮ જિલ્લાના ૧૬૦૦ લાભાર્થીઓને બાયોગેસ પ્લાન્ટ માટે સહાય પ્રાપ્ત થશે.



# બનાસ ડેરીના બાયો CNG પ્રોજેક્ટમાં મારુતિ સુઝુકી કંપનીએ દાખવ્યો રસ

**"વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "વેસ્ટમાંથી વેલ્થ" મિશનને સાકાર કરતી બનાસ ડેરી": ચેરમેન શંકરભાઈ ચૌધરી**

- કંપનીએ રિસર્ચ અને ઇનોવેશનમાં બનાસ ડેરી સાથે કામ કરવાની તૈયારી બતાવી
- પરિવહનમાં ગ્રામીણ ક્ષેત્રે ફ્યૂઅલ ખર્ચ ઘટાડવા માટેનો કંપનીનો મુખ્ય ઉદ્દેશ




એશિયાની સૌથી મોટી બનાસ ડેરી દ્વારા પશુઓનાં છાણમાંથી દેશનો પ્રથમ બાયો સી.એન.જી. પ્લાન્ટ શરૂ કરવાનો જે સફળ નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે એમના આ નવતર પ્રયોગથી પ્રેરિત થઈને જાપાનની સુઝુકી કંપનીના ડિરેક્ટર અને વરિષ્ઠ અધિકારીઓએ બનાસ ડેરીના બાયો CNG પ્લાન્ટની મુલાકાત કરી હતી અને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી સાથે મિટિંગ યોજીને સવિસ્તાર ચર્ચા કરી હતી. પાંચ મહિનામાં મારુતિ સુઝુકી કંપનીના અધિકારીઓની આ બીજી મુલાકાત છે, જે દર્શાવે છે કે બનાસ ડેરી માત્ર ભારત જ નહિ પણ વિશ્વના અન્યો દેશોને પોતાના કામથી પ્રેરિત કરી રહી છે. પશુપાલક અને ખેડૂતોની આવક ડબલ કરવાના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સ્વપ્નને સાકાર કરવાના પ્રયાસરૂપે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં આ સાહસ કરવામાં આવ્યું હતું.

છાણમાંથી પશુપાલકોને આવક આપવાના ઉમદા અભિગમ સાથે શરૂ કરાયેલ બનાસ બાયો CNG પ્લાન્ટ અને એમાં વપરાયેલ ટેક્નોલોજીનો સવિસ્તાર અભ્યાસ કરીને જાપાનની સુઝુકી કંપનીએ બાયો CNGને અનુરૂપ પોતાનાં વાહનો બનાવવા તેમજ એ જ વાહનોને વાહન ચાલાક પોતાના ઘરે તૈયાર કરાયેલ ગોબર ગેસમાંથી ગેસ ભરી શકે એવી વ્યવસ્થા ઊભી થઇ શકે તે માટેના રિસર્ચ અને ઇનોવેશનમાં બનાસ ડેરી સાથે કામ કરવાની ઈચ્છા દર્શાવી હતી. ગામડાંઓમાં સ્વચ્છતા બની રહે તેમજ નવીનીકરણ સ્વચ્છ ઊર્જાની પ્રાપ્તિ થાય એ હેતુ સાથે શુદ્ધ બાયોગેસ ઉત્પન્ન કરવામાં આવે છે, જે વાહન ચલાવવા માટે ઈંધણના સ્વરૂપમાં કામ આવે છે, એને ઉત્પન્ન કરવાના સાથે જૈવિક ખાતર બનાવવા આ પ્લાન્ટનો ઉપયોગ થાય છે એ જાણીને સુઝુકી કંપનીના પદાધિકારીઓએ બનાસ ડેરીની પ્રશંસા કરી હતી.





જાપાનની સુઝુકી કંપનીના શ્રી કેનીચીરો ટોયોફૂકું (ડિરેક્ટર-CPP), શ્રી કોજીમા સાન (SMG-Japan) શ્રી યામાનો સાન (SMG-Japan), શ્રી પરિક્ષેત મૌની (વાઇસ પ્રેસિડેન્ટ), શ્રી સંજયભાઈ પઢિયાર (મેનેજર) અને શ્રી અખિલેશ સિંહ (મેનેજર)એ મુલાકાત લીધી હતી. તાજેતરમાં જ બાયોગેસના આયોજનથી એક સ્વચ્છ ભારતનું નિર્માણ કરવા માટે બનાસ ડેરી દ્વારા ખીમાણા, રતનપુરા-ભીલડી, રાધનપુર અને થાવર ખાતે ગોબર ગેસ સ્ટેશન ઊભાં કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે, જેનું ઈ-ભૂમિપૂજન વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ચાર સ્થાન પર ૧૦૦ ટન ગોબરની પ્રતિદિવસની ક્ષમતા ધરાવતા પ્લાન્ટ ઊભા કરવામાં આવશે.

# એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીમાં બનાસ ડેરીને મળી પ્રથમ સફળતા

- **ધાનેરા તાલુકાના સોતવાડા ગામે એમ્બ્રિયો ટ્રાન્સફર થકી પ્રથમ કાંકરેજ વાછરડાનો થયો જન્મ.**
- **ખેડૂતના ફાર્મમાં જ કાંકરેજ એમ્બ્રિયો ટ્રાન્સફર થકી બચ્ચાનો જન્મ થવો એ દેશની પ્રથમ ઘટના બની બનાસ ડેરીમાં**

બનાસકાંઠાની ધરોહર સમાન કાંકરેજ ગૌવંશ સુધારણા માટે ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી દ્વારા ભારતમાં સૌપ્રથમવાર એન.ડી.ડી.બીના સહયોગથી એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં આ ટેક્નોલોજીમાં બનાસ ડેરીને પ્રથમ સફળતા મળી છે. ધાનેરા તાલુકાના સોતવાડા ગામે એમ્બ્રિયો ટ્રાન્સફર થકી પ્રથમ કાંકરેજ વાછરડાનો જન્મ થયો છે. એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીમાં સફળતા મળવી એ બનાસ ડેરી સાથે લાખો પશુપાલકો માટે ખુશીના સમાચાર છે. બનાસ ડેરી વૈજ્ઞાનિક ઢબે ખેતીના વ્યવસાયને તો વિકસાવે છે, પરંતુ સાથે પશુપાલન વ્યવસાયમાં પણ વૈજ્ઞાનિક પદ્ધતિને અપનાવીને આ વ્યવસાયને વિકસાવવામાં આવી રહ્યો છે તે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.



કાંકરેજ ગાયની ઉત્કૃષ્ટ ઓલાદોમાં વધારો થાય અને પશુપાલકો વધુ દૂધ ઉત્પાદન કરી આર્થિક રીતે વધુ મજબૂત બને તે હેતુ સાથે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ ૨૨-૦૭-૨૦૨૧ના રોજ રૈયા ખાતેથી એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો શુભારંભ કરાવ્યો હતો, જેનો પ્રથમ પ્રયોગ ધાનેરા તાલુકાના સોતવાડા ગામમાં કરવામાં આવ્યો હતો. ત્યાંની ૨૫ લીટર દૂધ આપતી ગર્ભવાળી ગાય અને ૨૫ લિટર ઉપરવાળા સાંઢના બીજથી કાંકરેજ ગાયમાં ૯ મહિના પહેલાં તૈયાર કરાયેલ ગર્ભ એચ.એફ. ગાયમાં ટ્રાન્સફર કરીને સ્વસ્થ કાંકરેજ વાછરડાનો જન્મ કરાવવામાં બનાસ ડેરીને મોટી સફળતા મળી છે. જો વાછરડાની જગ્યાએ વાછરડી જન્મી હોત તો તે જ્યારે પણ દૂધ આપતી ત્યારે તે ૨૫ લિટર કરતા વધુ દૂધ આપતી કાંકરેજ ગાય બનતી. હવે આ વાછરડું જ્યારે મોટું થશે ત્યારે તેના બીજદાનના ડોઝ ૨૫ લિટર ઉપરવાળી ગાયમાં મૂકવામાં આવશે ત્યારે તેની વાછરડીઓ ૨૫ લિટર કરતાં વધુ દૂધ આપતી પેદા થશે.

આ એમ્બ્રિયો ટ્રાન્સફની વાત કરવામાં આવે તો ભારત દેશમાં આ ટેક્નોલોજીનો ઉપયોગ કોઈ પણ સંસ્થા અથવા તો કોમર્શિયલ ફાર્મમાં કરવામાં આવ્યો હોય તેવું તો જોવા મળેલ છે, પરંતુ કાંકરેજ એમ્બ્રિયો ટ્રાન્સફર અને તે પણ ખેડૂતના ફાર્મ ઉપર કરવામાં આવેલ હોય અને તેના દ્વારા બચ્ચાનો જન્મ થયો હોય એ ભારત દેશની પ્રથમ ઘટના બનાસ ડેરીમાં બની છે, જે ના માત્ર ખેડૂતો કે પશુપાલકો માટે, પરંતુ દેશ અને પશુપાલન ક્ષેત્રે ગર્વની વાત છે. આ હકારાત્મક પરિણામ પછી એ વાત તો નક્કી છે કે આગામી સમયમાં બનાસ ડેરીની આ ટેક્નોલોજી અને યોજના થકી ભારત દેશ ઓછા સમયમાં પ્રથમ વૈજ્ઞાનિક રીત સારી અને વધુ દૂધ ઉત્પાદન આપતી કાંકરેજ ગાયની નવીન પેઢી મેળવશે. પશુપાલન વ્યવસાયમાં ઝડપી પ્રગતિ અને દૂધ ઉત્પાદનમાં વધારો કરવાના ઉમદા હેતુ સાથે ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના માર્ગદર્શન હેઠળ બનાસ ડેરીએ એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો અમલ શરૂ કર્યો છે. એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજી થકી બનાસકાંઠાનાં અલગ અલગ ગામોમાં ૧૦ વાછરડાં-વાછરડીનો જન્મ થયો છે, જે પશુપાલન ક્ષેત્રે મોટી સિદ્ધિ છે. તાજેતરમાં ધાનેરા જોરાપુરા (ધાખા) ખાતે એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીની મદદથી એચ.એફ. ગાયમાંથી કાંકરેજ વાછરડાનો જન્મ થયો છે.








# બનાસ મધ પ્રોજેક્ટથી પ્રેરિત થઈને KVICની ટીમે લીધી બનાસ ડેરીની મુલાકાત

**મધ મિશન સમારોહ: બનાસ ડેરી શ્વેતક્રાંતિ બાદ સ્વીટક્રાંતિ સર્જવાનો રેકોર્ડ પોતાના નામે કરશે**

સ્વીટક્રાંતિને વેગ આપવા માટે બનાસ ડેરી દ્વારા ચલાવવામાં આવતા બનાસ મધ પ્રોજેક્ટ અંતર્ગત ગઈ કાલે 'હની મિશન સંવાદ અને 'બી' બોક્સ વિતરણ સમારોહ'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC) ના ચેરમેન શ્રી મનોજ કુમારજીએ શ્વેતક્રાંતિ સાથે સ્વીટક્રાંતિની શરૂઆત બનાસ ડેરીએ કરી છે એ વાતથી પ્રેરિત થઈને પોતાની પુરી ટીમ સાથે હાજરી આપીને બનાસ મધ પ્રોજેક્ટ સાથે જોડાયેલા બનાસ ડેરીના ખેડૂતો સાથે સીધો સંવાદ કર્યો હતો તેમજ 'બી' બોક્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. બનાસ ડેરી શ્વેતક્રાંતિ પછી સ્વીટક્રાંતિમાં પણ પોતાના નામે રેકોર્ડ બનાવવા આગળ વધી રહી છે.

ઉલ્લેખનીય છે કે વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડીસાની ધરા પરથી બનાસના ખેડૂતોને શ્વેતક્રાંતિ સાથે સ્વીટક્રાંતિની શરૂઆત કરવા આહ્વાન કર્યું હતું. ચેરમેન શંકરભાઇ ચૌધરીએ પીએમ મોદીના આહ્વાનને સફળ કરવા બનાસ ડેરીમાં મધ પ્રોજેક્ટની શરુઆત કરી હતી. આજે બનાસના હજારો ખેડૂતો દૂધ સાથે મધની ખેતી કરીને લાખો રૂપિયાની આવક મેળવતા થયા છે. KVICના ચેરમેન શ્રી મનોજ કુમારજીએ જણાવ્યું હતું કે બનાસ ડેરી દૂધ ઉત્પાદનમાં તો દેશમાં સૌથી અગ્રેસર છે, પરંતુ ટૂંક સમયમાં આ ડેરી મધના ઉત્પાદનમાં પણ અગ્રેસર બનશે. પીએમ મોદીના વિઝન પર ચાલીને ચેરમેન શંકરભાઈ ચૌધરીએ બનાસના ખેડૂતોને દૂધની સાથે મધની ખેતી થકી લાખો રૂપિયા કમાતા કરી દીધા છે. કાર્યક્રમમાં બનાસ હની પ્રોજેક્ટના પ્રોગ્રેસની વિસ્તૃત માહિતી, કામગીરી, મુશ્કેલીઓ અને ભવિષ્યની જરૂરિયાત તેમજ પ્લાનિંગથી ઉપસ્થિત ખેડૂતોને માહિતગાર કરાયા હતા. ખેડૂતો સાથે મધની ખેતી સંદર્ભે સીધો સંવાદ કરવામાં આવ્યો હતો.

બનાસ ડેરીના આ કાર્યક્રમમાં બનાસ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામ આર. ચૌધરી, ખાદી અને ગ્રામોદ્યોગ આયોગના ચેરમેન શ્રી મનોજ કુમાર, માર્કેટિંગ ડિરેક્ટર શ્રી સંજીવ પોસવાલ, ડિરેક્ટર KVIC શ્રી સંજય હેડાઓ તેમજ મધ પ્રોજેક્ટ સાથે જોડાયેલા બનાસકાંઠાના ખેડૂતો હાજર રહ્યા હતા.

# ઇન્ટરનેશનલ ડેરી ફેડરેશન વર્લ્ડ ડેરી સમિટ-૨૦૨૨

## બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી સહિત નિયામક મંડળે હાજરી આપી



ભારતના ડેરી ક્ષેત્રના વિકાસમાં મહિલાઓએ વિશેષ યોગદાન આપ્યું છે, જેના કારણે ગ્રામ્ય વિસ્તારમાં મહિલા સશક્તીકરણનો વ્યાપ પણ વધ્યો છે. ડેરી સેક્ટર માત્ર ગ્રામીણ અર્થવ્યવસ્થાને સામર્થ્ય નથી કરતુ, તે વિશ્વના કરોડો લોકોની આજીવિકાનું પ્રમુખ સાધન છે. તેઓએ છાણમાંથી તૈયાર થતા સી.એન.જી. અને ખાતર એટલે કે ગોબર ધનની પ્રશાંસા કરી હતી, સાથે તેઓએ પશુ ધનમાં ફેલાયેલા લંપી વાઈરસની ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાથે મળીને લંપી રોગને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે તેમજ દેશના વૈજ્ઞાનિકોએ આ રોગ માટેની સ્વદેશી વેક્સિન પણ તૈયાર કરી દીધી છે.

- લંપી રોગથી પશુધનને બચાવવા વૈજ્ઞાનિકોએ તૈયાર કરી સ્વદેશ વેક્સિન, બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વૈજ્ઞાનિકો અને મોદીજીનો માન્યો આભાર.
- વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં આયોજિત વર્લ્ડ ડેરી સમિટમાં બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી નિયામક મંડળ સાથે ઉપસ્થિત રહ્યા હતા.
- પીએમ મોદીએ ગોબર ધનને ગણાવ્યો અનોખો પ્રયાસ અને નવું સર્જન, બનાસ ડેરીએ શરૂ કર્યું છે ગોબર ધન પ્લાન્ટ.

ઉત્તરપ્રદેશના ગ્રેટર નોઈડામાં આયોજિત ઇન્ટરનૅશનલ ડેરી ફેડરેશન વર્લ્ડ ડેરી સમિટ-૨૦૨૨ની બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ નિયામક મંડળ સાથે મુલાકાત કરી હતી. તેમણે સમિટમાં કરેલો અદ્યતન ડેરી ટેક્નોલોજી, વ્યવસ્થા અને નવીન આઈડિયાનો અભ્યાસ બનાસ ડેરીને આધુનિક સુવિધાઓથી સજ્જ બનાવવામાં મદદ કરશે. વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી એ વર્ષ ૧૯૭૪ પછી બીજી વાર ભારતના ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાં આયોજિત ઇન્ટરનૅશનલ ડેરી ફેડરેશન વર્લ્ડ ડેરી સમિટ-૨૦૨૨નું ઉદ્‌ઘાટન કર્યું હતું, જેમાં ૫૦ દેશોના ૧૫૦૦ પ્રતિનિધિઓ અને સહકારી ક્ષેત્રના વરિષ્ઠ અને અનુભવી લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ સમિટ બનાસ ડેરીના ચેરમેનશ્રી અને નિયામક મંડળની હાજરી બનાસકાંઠાના પશુપાલકોના સર્વાંગી વિકાસને લઈને બનાસ ડેરીની કટિબદ્ધતા દર્શાવે છે.

વર્લ્ડ ડેરી સમિટના ઉદ્‌ઘાટન પ્રસંગે વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સહકારી ક્ષેત્ર અંગે વાત કરતાં જણાવ્યું હતું કે પશુપાલન અને દૂધનો વ્યવસાય હજારો વર્ષો પહેલાંની ભારતની સંસ્કૃતિનો અભિન્ન ભાગ છે. આપણા આ વારસાએ ભારતના ડેરી ક્ષેત્રને અમુક વિશેષતાઓ સાથે સશક્ત બનાવ્યું છે, સાથે

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં દેશના વૈજ્ઞાનિકો દ્વારા તૈયાર કરાયેલી સ્વદેશી વેક્સિન લંપી રોગથી પશુધનને બચાવવા માટે ફાયદારૂપ થશે. પશુઓની ચિંતા કરી વહેલી તકે વેક્સિન તૈયાર કરવા બદલ મોદી સરકાર અને દેશના વૈજ્ઞાનિકોનો આભાર માન્યો હતો. આ વર્લ્ડ ડેરી સમિટ અંગે તેમણે જણાવ્યું હતું કે વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ભારતની અંદર વર્લ્ડ ડેરી સમિટનું આયોજન થવું એ ‘સહકાર થી સમૃદ્ધિ’ના મંત્રને સાકાર કરવાની મોદી સરકારની કટિબદ્ધતા દર્શાવે છે. તેઓએ ખુશી વ્યક્ત કરતાં કહ્યું હતું કે મોદીજીએ ગોબર ધનને દેશનો અનોખો પ્રયાસ અને નવું સર્જન ગણાવ્યું એ બનાસ ડેરી માટે ગૌરવપૂર્ણ ક્ષણ છે. બનાસ ડેરી સહકારથી સમૃદ્ધિના મંત્રને સરકાર કરવા આવતા સમયમાં અનોખા પ્રયાસો સાથે નવું સર્જન કરતી રહેશે. ૨૦૧૪ પછી મોદી સરકારે ભારતના ડેરી ક્ષેત્રની ક્ષમતાને વધારવા માટે સતત કામ કર્યું છે. આજે તેનું પરિણામ મિલ્ક પ્રોડક્શનથી લઈને ખેડૂતોની આવકમાં થયેલા વધારામાં દેખાય છે. ૨૦૧૪માં ભારતમાં ૧૪૬ મિલિયન ટન દૂધનું ઉત્પાદન થતું હતું, આજે આ વધીને ૨૧૦ મિલિયન ટન થઈ ગયું છે એટલે કે આશરે ૪૪ ટકાની વૃદ્ધિ આવી છે.





# પશુપાલકોમાં સહાય ચેકનું વિતરણ કરાયું



## કુલ ૧૨.૩૨ કરોડ રૂપિયા સહાયરૂપે અપાયા

- બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ૧૨ દુધાળાં પશુ યોજના અંતર્ગત ૧૧૩૪ લાભાર્થી પશુપાલકોમાં કર્યું કુલ ૧૨.૩૨ કરોડ રૂપિયા સહાય ચેકનું વિતરણ
- બનાસ ડેરીએ ૧૧૩૪ લાભાર્થી પશુપાલકોમાં કર્યું ૧૨.૩૨ કરોડ રૂપિયા સહાય ચેકનું વિતરણ, જિલ્લામાં થશે કુલ ૬૯૯૬ દુધાળા પશુઓનો વધારો

એશિયામાં પશુપાલન ક્ષેત્રે બનાસ ડેરી થકી બનાસકાંઠા જિલ્લો અવ્વલ નંબરે છે, જેમાં દૈનિક ૮૫ લાખ લિટર કરતા પણ વધુ દૂધનું સંપાદન થાય છે, ત્યારે આ આંકડો હજુ પણ વધે, વધુ લોકો સ્વરોજગારીરૂપે પશુપાલનનો વ્યવસાય શરૂ કરી શકે અને ઉચ્ચ ઓલાદો રાખીને વધુ દૂધનું ઉત્પાદન કરી શકે તે માટે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે સણાદર સંકુલ ખાતે ૧૨ દુધાળાં પશુ સહાય યોજના અંતર્ગત ૧૧૩૪ પશુપાલકોમાં કુલ ૧૨.૩૨ કરોડ રૂપિયા સહાયરૂપી ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આજે બનાસ ડેરી પ્રત્યેનો લોકોનો વિશ્વાસ ઉત્તરોત્તર અતૂટ બની રહ્યો છે, તેની પાછળનું કારણ બનાસ ડેરી દૂધના સૌથી વધુ ખરીદભાવ, ભાવવધારો અને નફો આપે છે.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ સણાદર સંકુલ ખાતે ગ્રામ્ય કક્ષાએ પશુપાલન વ્યવસાયને આગવું મહત્ત્વ આપી, પશુપાલનને ગ્રામ્ય રોજગારીનો આધારસ્તંભ બનાવી ખેડૂતોની આવક બમણી કરવા માટે નાણાકીય પ્રોત્સાહન થકી પશુપાલન વ્યવસાયને ગ્રામ્ય કક્ષાએ વધુ વેગ આપવા ૧૨ દુધાળાં પશુ સહાય ચેકનું વિતરણ કર્યું હતું. જિલ્લાના કુલ ૧૧૩૪ પશુપાલકોમાં ૧૨.૩૨ કરોડ રૂપિયાની સહાયના ચેકનું વિતરણ કરાયું હતું, જેના કારણે બનાસકાંઠા જિલ્લામાં કુલ ૬૯૯૬ દુધાળાં પશુઓનો વધારો થશે. ચેરમેનશ્રીએ વધુ સારી ગુણવત્તાવાળી પશુ ઓલાદ અને પશુપાલન વ્યવસાય શરૂ કરવા પ્રોત્સાહિત કર્યા હતા. આ વર્ષે બનાસ ડેરીએ સૌથી વધુ આશરે ૮૫ લાખ લિટર દૂધનું સંપાદન કર્યું હતું, ડેરીનું ભવિષ્યનું લક્ષ્ય ૧ કરોડ લિટર દૂધનું સંપાદન કરવાનું છે, જેના માટે બનાસકાંઠામાં પશુપાલન વ્યવસાય સાથે વધુ ને વધુ લોકોને જોડવા ૧૨ દુધાળા પશુ યોજના તેમજ સરકારી અને બનાસ ડેરીની યોજનાઓ અંતર્ગત સહાય પૂરી પાડવામાં આવી રહી છે.



# વૃક્ષારોપણ અભિયાન

## સુકા વિસ્તારને હરિયાળો બનાવવાનો એક ભગીરથ પ્રયાસ



વૃક્ષોનું પ્રમાણ એકદમ ઓછું હોવાથી બનાસકાંઠાનો વિસ્તાર દિવસે ને દિવસે રણમાં ફેલાતો જાય છે, જેના કારણે પાણીની અછત પણ મોટા પ્રમાણમાં સર્જાતી જાય છે. હવે પાણી પ્રાપ્ત કરવા અને જમીનને ફળદ્રુપ બનાવવા વધુ ને વધુ વૃક્ષારોપણ કરવું એ જ આ સમસ્યાઓનો કાયમી ઉકેલ છે. તેથી આ સમસ્યાઓને જડમૂળથી ઉખાડી ફેંકવા તેમજ બનાસકાંઠા જેવા સૂકા અને રણ વિસ્તારને હરિયાળો બનાવવા વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીથી પ્રેરિત થઈને શ્વેતક્રાંતિ બાદ હરિયાળી ક્રાંતિ લાવવા માટે શંકરભાઇ ચૌધરીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ બનાસ ડેરીએ વૃક્ષારોપણ અભિયાન હાથ ધર્યું છે.

જિલ્લામાં વૃક્ષારોપણ અભિયાન થકી ફક્ત વૃક્ષો વાવવા માટે જ નહિ, પરંતુ વૃક્ષોનું મહત્ત્વ સમજાવી તેને ન કાપવા અને નાના બાળકનો જેમ કાળજીપૂર્વક ઉછેર કરીએ છીએ એ જ રીતે તેમનું જતન કરવું જોઈએ એવો સંદેશ આપીને વૃક્ષો પ્રત્યે જાગૃતતા ફેલાવવાનું મહત્ત્વપૂર્ણ કામ થઇ રહ્યું છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જી-૨૦ શિખર સંમેલનની અંદર આબોહવા પરિવર્તન સામે લડત આપવા વિશ્વને આપેલું વચન પૂરું કરવામાં તેમજ ૨૦૩૦ સુધીમાં ૨૦ લાખ હેક્ટર વેરાન જમીનને ફળદ્રુપ અને હરિયાળી કરવાના તેમના લક્ષ્યને સાકાર કરવાની દિશામાં બનાસકાંઠા જિલ્લો સહયોગ કરી રહ્યો છે.

બનાસ ડેરી દ્વારા જિલ્લાને હરિયાળો બનાવવા કરાયેલા પ્રયાસ કરાયો

- ૧૦ વર્ષમાં ૧૦ કરોડ વૃક્ષો વાવવાનો સંકલ્પ કરાયો.
- વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબના ૭૦મા જન્મ દિવસ પર ૭૦ હજાર વૃક્ષો વાવમાં આવ્યાં.
- બનાસ ડેરી દ્વારા ૨૧,૦૦,૦૦૦ વૃક્ષો વાવવાનો નિર્ણય કરાયો હતો.
- 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે દર વર્ષે જિલ્લા કક્ષાના અને તાલુકા કક્ષાના વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાય છે.
- "એક સભાસદ વાવે વૃક્ષ વીસ" સુત્ર અપાયું.
- જિલ્લામાં વન વિભાગ, સેવાભાવી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓની મદદથી ૬૭ લાખ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું
- "૧૦ વર્ષમાં ૧૦ કરોડ વૃક્ષો" વાવીને બનાસકાંઠા જિલ્લાને હરિયાળો બનાવવાના સંકલ્પને સાકાર કરવા બનાસ ડેરી દ્વારા જિલ્લાના દરેક તાલુકામાં વૃક્ષારોપણ કાર્યક્રમ આયોજિત કરવામાં આવે છે, જેમાં તાલુકા મથકે ડિરેક્ટરશ્રીઓની પણ ઉપસ્થિતિ રહે છે.

શંકરભાઈ ચૌધરીના હાથે ત્રણ વર્ષ પહેલાં ભાભર તાલુકાના વાવડી ગામે પીપળના છોડ રોપવામાં આવ્યા હતા, જે આજે વિશાળ વૃક્ષોમાં રૂપાંતરણ થતાં આખો વિસ્તાર પીપળ વનમાં ફેરવાઈ ગયો છે. ગત વર્ષ દરમિયાન એટલે કે ૫ જૂન, ૨૦૨૦ સુધીમાં જિલ્લામાં ૧૯.૮૬ લાખ વૃક્ષોનું રોપણ કરાયું હતું, પરિણામે અમૂલ ગ્રીન એવોર્ડથી બનાસ ડેરીને સન્માનિત કરવામાં આવી હતી.

# બનાસવાસીઓને નવા વર્ષ ૨૦૨૩નાં ઝાઝા

# રામ રામ





# ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી

મારા વહાલા પશુપાલક ભાઈઓ અને બહેનો.....

કહેવાય છે કે સમયને સાચવનાર, સમયનો સદુપયોગ કરનાર અને સમય સાથે ચાલનારા હંમેશાં પ્રગતિના પંથે આગળ વધતા હોય છે ત્યારે વર્ષ ૨૦૨૨માં આ કહેવતને મારા બનાસકાંઠાના પશુપાલકો, ખેડૂતો અને યુવાને પોતાની અથાગ મહેનત, પરસેવા અને પરિશ્રમથી ચરિતાર્થ કરી છે. બનાસકાંઠાના સૌ પશુપાલક અને ખેડૂતે દિવસ-રાત પરસેવો પાડીને વર્ષ ૨૦૨૨ દરમિયાન બનાસ ડેરીને પ્રગતિના પંથે આગળ વધારી છે. લાખો પશુપાલકોના પરસેવા, પરિશ્રમ અને પુણ્યના કારણે બનાસ ડેરી વટવૃક્ષ બની છે અનેક એવી સફળતાઓ પ્રાપ્ત કરી છે, જેના કારણે આપણી બનાસ ડેરી વિશ્વભરમાં જાણીતી થઈ છે. 'વર્ષ ૨૦૨૨' સફળતાનો એક અધ્યાય બનાસ ડેરીના ઈતિહાસમાં નોંધાઈ ગયો છે.

બનાસ ડેરીએ વર્ષ ૨૦૨૨માં વિકાસની જ્યોતને અખંડ રાખવા વારાણસીમાં બનાસની શાખાનું ખાતમુહૂર્ત કર્યું, સણાદર સંકુલનું લોકાર્પણ કર્યું, રૂ. ૧૬૫૦ કરોડનો ઐતિહાસિક ભાવફેર જાહેર કર્યો, ચાલુ વર્ષમાં સતત ચારવાર દૂધના ભાવમાં વધારો કર્યો, પશુઓના સંવર્ધન માટે આધુનિક ટેક્નોલોજી અપનાવી, એટલું જ નહી માત્ર છ દિવસમાં દૂધ દિવસ અને મહિલા જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત ૫૬,૦૦૦ થી વધુ મહિલા પશુપાલકો સાથે સીધો સંવાદ કરી એમના મનની વાતો સાંભળી, આમ પશુપાલકો અને ખેડૂતોના જીવનમાં સુખ તેમજ સમૃદ્ધિનો પ્રકાશ પાથરવાનાં ઉમદા કાર્યો પૂરા વેગથી ચાલે છે. હવે વર્ષ ૨૦૨૩ એક વધુ અધ્યાય શરૂ થવાનો છે એટલે કે પ્રગતિનો નવો અધ્યાય. જીવનમાં સકારાત્મક ઉજાસનો ઉત્સવ. સકારાત્મક ઊર્જા આપણા જીવનમાં ઉલ્લાસ સાથે નવી તાજગી અને નવી ચેતનાનો સંચાર કરે છે. અંધકારને દૂર કરી સકારાત્મક ઊર્જાથી જીવનને પ્રકાશિત કરે છે. હું આપને અને આપના પરિવારને નવા સંકલ્પ અને પ્રગતિના નિર્ધાર સાથે નવા વર્ષની અંતઃકરણપૂર્વક અઢળક શુભેચ્છાઓ પાઠવું છું.

વર્ષ ૨૦૨૩માં બનાસ ડેરી પશુપાલકોના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિની અખંડ જ્યોતને પ્રગટાવવા નિરંતર પ્રયત્નશીલ રહેશે. દૂધ સહિત ખેતીની અન્ય ઉપજોમાં મૂલ્ય સંવર્ધન કરી ખેડૂતોને નફો આપવા સતત કર્તવ્યબદ્ધ રહેશે. વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના 'વોકલ ફોર લોકલ'ના સૂત્રને સાકાર કરવા, આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવા અને સહકારથી સમૃદ્ધિના સંકલ્પને સફળ કરવા બનાસ ડેરી કટિબદ્ધ રહેશે.

નવું વર્ષ ૨૦૨૩ આપના જીવનમાં અગણિત ખુશીઓ લઈને આવે, અનિષ્ટનો અંધકાર દૂર કરી જીવનમાં સકારાત્મકતાનો પ્રકાશ પાથરે એવી મનોકામના. આવો, નવભારતમાં બનાસ ડેરીને વિશ્વની સૌથી મોટી ડેરી બનાવવામાં મન, વચન અને કર્મથી સંપૂર્ણ સહયોગ કરવાના સહિયારા સંકલ્પ સાથે હું આપને નવા વર્ષ ૨૦૨૩ની હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

તમારો,
શંકરભાઈ ચૌધરી
(ચેરમેન, બનાસ ડેરી)